**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૩ ટકા



# ગાંધીનગર જિલ્લાનાં પૂર્વ સૈનિકોનું સંમેલન યોજાયુ

## ગાંધીનગર જિલ્લામાં પૂર્વ સૈનિકોની સંખ્યા ૧૦૧૦ અને સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોનાં ધર્મપત્નીઓની સંખ્યા ૧૨૦ છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં વસતા પૂર્વ સૈનિકો – દિવંગત સૈનિકોનાં ધર્મ પત્નીઓ તથા આશ્રિતોનું સંમેલન ટાઉનહોલ – ગાંધીનગર ખાતે યોજાયું હતું. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃ વસવાટ અમદાવાદ દ્વારા યોજાયેલ આ સંમેલનનું ઉદઘાટન કર્નલ શ્રી એલ.એસ. રાજવર, નિવૃત મેજર શ્રી વિક્રમસિંહ જાડેજા અને કર્નલ શ્રી રણજીતસિંહ ઝાલાના હસ્તે કરવામાં આવ્યુ હતું.

મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃ વસવાટ અધિકારીશ્રી એ.પી. ચૌહાણે સ્વાગત પ્રવચનમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સવલતો – સહાય તથા મેડીકલ બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. દેશની રક્ષા માટે વીરગતિ પામેલા સૈનિકોનાં પરિવારજનોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું ગાંધીનગર જિલ્લાનાં કુલ ૧૦૧૦ જેટલા પૂર્વ સૈનિકોની સંખ્યા પૈકી સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોનાં ધર્મપત્નીઓની સંખ્યા ૧૨૦ છે જયારે કુલ આશ્રિતોની સંખ્યા ૩૨૭૦ જેટલી છે. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃ વસવાટ કચેરી, અમદાવાદ દ્વારા સૈનિકોના સંતાનોને સ્કોલરશીપ, સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોનાં ધર્મપત્નીઓને માસિક આર્થિક સહાય, અંતિમ સંસ્કાર માટે ઉચ્ચક આર્થીક સહાય અને મકાન સહાય મળીને કુલ ૮૭ કેસોમાં કુલ રૂ. ૨૧.૨૮ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવી છે. આ પ્રસંગે નાયબ સચિવશ્રી ડી.આર. ભમર, જિલ્લા રોજગાર અધિકારીશ્રી વી.એસ. પાંડોર સહિત મહાનુભાવોએ પ્રાંસગિક પ્રવચન કર્યા હતાં.

દેશની રક્ષા કાજે પોતાના જીવનનું બલીદાન આપી વીરગતિ પામેલ જવાનોને શ્રદ્ધાંજલી આપી બે મીનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ગાંધીનગર જિલ્લાનાં પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ ઉપસ્થિત રહયાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૦૧૦ પૂર્વ સૈનિકો પૈકી ગાંધીનગર તાલુકામાં- ૭૪૨, કલોલ – ૧૨૯, માણસા- ૯૯ અને દહેગામ તાલુકામાં ૪૦ છે. જે પૈકી ૧૨૦ સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોનાં ધર્મપત્નીઓની સૌથી વધુ સંખ્યા ગાંધીનગર તાલુકામાં ૮૨ જેટલી છે. જયારે કુલ આશ્રિતોની સંખ્યા ૩૨૭૦ છે.

# સિવિલમાં આડેધડ પાર્કિંગથી વધતા વાહનચોરીના બનાવો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ કેમ્પસ ચોર ઈસમો માટે સોફટ ટાર્ગેટ બની ગયું છે. સિવિલ કેમ્પસમાં સ્ટાફ અને દર્દીના સગાઓ દ્વારા આડેધડ થતા વાહન પાર્કિંગને પગલે વાહન ચોરીના બનાવો બને છે. ત્યારે કેમ્પસમાં વાહનચોરીના બનાવો અટકાવવા માટે સિવિલ તંત્ર દ્વારા પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે અત્યંત જરુરી બન્યું છે. જયારે કેમ્પસમાં પાર્કિંગની સુચારુ સરળ વ્યવસ્થા હોવા છતા યોગ્ય રીતે વાહન પાર્ક ન થતા હોવાથી ચોર ઈસમોને ચોરી કરવા માટે મોકળુ મેદાન મળી જાય છે. ત્યારે કેમ્પસમાં વાહનોની સલામતી માટે પણ સિવિલ કક્ષાએ યોગ્ય પગલા લેવાય તે અત્યંત આવશયક છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છાશવારે વાહન ચોરીના બનાવો બને છે. પોલીસ પેટ્રોલીંગ હોવા છતા વાહન ચોર ઈસમો પોતાની કળા કરી જાય છે. સિવિલ કેમ્પસમાં કોલેજના સ્ટુડન્ટ, સ્ટાફ, ડોકટર્સ તેમજ દર્દીના સગા સહિત મુલાકાતીઓ ગમે ત્યાં વાહન પાર્ક કરી જતા રહે છે. સલામતી ગાર્ડ વ્યવસ્થિત પાર્ક કરવાનું કહે તો વાહન માલિક અને ગાર્ડ વચ્ચે ચકમક ઝરે છે. પાંચ મિનિટમાં પાછો આવું છું કહીને જતા રહેતા વાહન ચાલકો કલાકો સુધી દેખાતા નથી. જેથી સિવિલ કેમ્પસની ચોતરફ પાર્કિંગની સમસ્યા વિકટ બની રહી છે. દર્દીઓને સારવાર માટે લઈને આવતી એમ્બ્યુલન્સને પણ પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. સિવિલમાં કેન્ટીન પાસે, તાત્કાલીક સારવાર વિભાગની આસપાસ, ઓપીડી બિલ્ડીંગની પાસે, નવા બિલ્ડીંગની બાજુમાં તેમજ મેડીકલ કોલેજ આસપાસના વિસ્તારમાં વાહનનો ખડકલો દ્રશ્યમાન થાય છે. વાહન પાર્કિંગ માટે વિશાળ જગ્યા હોવા છતા આડેધડ વાહન મુકવામાં આવતા પોલીસ પેટ્રોલીંગ હોવા છતા ચોર ઈસમો પોતાની કળા કરી જાય છે.જયારે કેમ્પસમાં સ્ટાફ અને મુલાકાતીઓ દ્વારા યોગ્ય જગ્યાએ વાહન પાર્ક કરવામાં આવે તો કેમ્પસમાં થતી વાહનચોરીના બનાવો અટકાવી શકાય તેમ છે.

# સમર્પણ કોલેજના બોકસર રિઝવાન નિસાર સતત ત્રીજા વર્ષે રાષ્ટ્રીય સ્તરે રમશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઉત્સાહનો માહોલ સર્જાયો છે કેમ કે આ સંસ્થામાં બી.એ.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રિઝવાન નિસાર અહેમદ સતત ત્રીજા વર્ષે પણ રાષ્ટ્રીય સ્તરે બોકસીંગમાં ગુજરાત યુનિ.નું પ્રતિનિધિત્વ કરવાના છે. રિઝવાન નિસાર સંસ્થાના ડાયરેકટર ઓફ ફિઝીકલ એજયુકેશન મહેન્દ્ર મોડિયાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી રાષ્ટ્રીય સ્પર્ધામાં




ગુજરાત યુનિવર્સિટી અને સમર્પણ કોલેજનું પ્રતિનિધિત્વ કરે છે. તેમજ ગતવર્ષે તેઓએ આખા ભારતની ઈન્ટર યુનિવર્સિટી રાષ્ટ્રીય સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવેલ હતો. ગત વર્ષે ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં પણ આ ખેલાડીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. સમર્પણ સંસ્થાના સ્થાપક શંકરસિંહ વાઘેલા, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, આચાર્ય દીપકભાઈ પંડયા અને ઉપાચાર્ય હેમંત વૈષ્ણવે સમર્પણ કોલેજના આ સ્ટાર ખેલાડીનો અભિનંદન પાઠવ્યા છે. આ સાથે સમર્પણ કોલેજના ડાયરેકટર ઓફ ફિઝીકલ એજયુકેશન મહેન્દ્ર મોડિયાને પણ સંસ્થાએ અભિનંદન પાઠવ્યા છે.

# કુડાસણમાં પૈસાની લેતી-દેતી મામલે ચપ્પા વડે હુમલો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીકના કુડાસણ ગામે રૂપિયાની લેતી દેતી બાબતે ઝઘડો થતા એક શખ્સે બે વ્યિકતને હાથના ભાગે ચપ્પાના ઘા મારી ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આરોપીને જેલ હવાલે મોકલી દીધો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર કુડાસણ ગામે શુકન સ્લિવર સ્કીમ આવેલી છે. જે ફલેટની સ્કીમમાં ચિરાગ ઘનશ્યામભાઈ પંચાલ પોતાના પરિવાર સાથે રહે છે. ચિરાગભાઈના પિતા ઘનશ્યામભાઈ પંચાલે અક્ષત હેવન કુડાસણમાં રહેતા વિમલ રજનીકાંત ભટ્ટને ઉછીના રૂપિયા થોડા સમય અગાઉ આપ્યા હતા. લાંબા સમયથી વિમલ ભટ્ટ ઉછીના લીધેલા રૂપિયા પરત ન આપતા હતા. પરિણામે ઘનશ્યામભાઈ પંચાલનો દિકરો ચિરાગ અને તેનો મિત્ર પ્રકાશ વિમલ ભટ્ટ પાસે તેના ફલેટ ખાતે રૂપિયા લેવા ગયા હતા. જયા બંને પક્ષે રૂપિયાની લેતી દેતી બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ઉશ્કેરાઈ જઈ વિમલે અચાનક જ ચિરાગ પંચાલ અને તેના મિત્ર પ્રકાશ ઉપર ચપ્પા વડે હુમલો કરી દીધો હતો. ઝપાઝપી થતા ચિરાગ અને પ્રકાશના હાથ પર વિમલે ચપ્પાના ઘા મારી દેતા બંને યુવકના હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ મામલે ચિરાગ પંચાલે ઉછીના રૂપિયા લેનાર અને હુમલો કરનાર વિમલ ભટ્ટ સામે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગુનો નોંધી આરોપી વિમલની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધો છે અને જેની વધુ તપાસ જમાદાર કાન્તિભાઈ ચલાવી રહ્યા છે.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે યુકો બેંક દ્વારા નાણાંકીય સાક્ષરતા અભિયાન અંગે સેમિનાર

ચિલોડા, તા.૨૯

ગાંધીનગર ચિલોડા સ્થિત યુકો બેંક દ્વારા ચિલોડા




પ્રાથમિક શાળા ખાતે બાળકો બેંકની વિવિધ કામગીરી તથા પ્રવૃત્તિઓથી વાકેફ થાય તથા બેંકની ગ્રાહકોને મળતી અનેક સુવિધા, જીવનમાં બચતનું મહત્વ સમજે તેવા હેતુસર બેંક દ્વારા નાણાંકીય સાક્ષરતા અભિયાન અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળામાં ભણતા બાળકોના વાલીઓએ બેંકના અધિકારી સાથે પ્રશ્નોત્તરી રૂપે વાર્તાલાપ દ્વારા જાણકારી મેળવવા પ્રયાયો હાથ ધર્યા હતા. આ પ્રસંગે શાળાના સિનિયર શિક્ષક ચીનુભાઈ પરમારે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું. શાળાના ચાચાર્ય હર્ષદભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી અધિકારીઓનું સ્વાગત કર્યુ હતું. યુકો બેંક દ્વારા બાળકોના જરુરી ખાતા ખોલવામાં સહયોગ આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

યુકો બેંક તરફથી ઝોનલ ઓફિસર ચીફ મેનેજર સોલંકી સાહેબ, ચિલોડા બ્રાન્ચ મેનેજર વિનય પરીખ, આસીસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર જી.કે. ઠકકર વગેરે અધિકારી દ્વારા બેંકની કામગીરી વિશે સંપૂર્ણ સમજ પુરી પાડી હતી.

## પેટ્રોલના ભડકે બળતા ભાવને પગલે

# શહેરમાં સીએનજીના વેચાણમાં ૨૦ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૩૦

સતત વધી રહેલા પેટ્રોલના ભાવ વધારાને કારણે શહેરમાં સીએનજી ગેસના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. જયારે શહેરમાં છેલ્લા ઘણા સમયથી કારના વપરાશમાં પણ વધારો જોવા મળ્યો છે. પેટ્રોલના ભડકે બળતા ભાવ સામે ટું-વ્હીલરની એવરેજ કરતા ગાડી ફેરવવી નાગરીકોને અનુકુળ લાગી રહી છે. ત્યારે છેલ્લા બે-ત્રણ માસથી શહેરના ૪ સીએનજી સ્ટેશન પર ગેસ ભરાવવા માટે ગાડીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ આસમાનને આંબી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ક્રુડ ઓઈલના ભાવ જાણે ઘટવાનુ નામ લેતા નથી. વર્ષ ૨૦૧૮ માં પેટ્રોલના ભાવ સતત વધી રહ્યા છે. છેલ્લા પાંચ માસમાં અંદાજીત પેટ્રોલના ભાવમાં રૂ.૧૩.૭૪ જેટલો વધારો નોંધાયો છે. ભારતભરમાં પેટ્રોલના ભાવ રૂ.૮૦ ને પાર થઈ ગયા છે. સામાન્ય નાગરીકોની હાલત પેટ્રોલના ભાવ વધારાને પગલે કફોડી બની જવા પામી છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન પર પડતા દરેક ચીજવસ્તુના ભાવમાં વધારો નજરે પડે છે. જયારે ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વચ્ચે ખાસ કંઈ તફાવત નજરે પડતો નથી. જેથી શહેરમાં સીએનજી ગાડીનું ચલણ વધી જવા પામ્યું છે. નગરજનો ટું-વ્હીલર ના સ્થાને સીએનજી ગાડી ફેરવવાનું વધુ અનુકુળ માને છે. જેથી શહેરના સીએનજી પંપ સ્ટેશન પર ગાડીઓની લાંબી કતારો જોવા મળે છે. જેને પગલે શહેરમાં સીએનજીના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. ખાસ કિસ્સામાં જ ઘરની બહાર કાર લઈને નીકળતા નાગરીકો પણ છેલ્લા બે ત્રણ મહિનાથી કાર લઈને જ ફરતા નજરે પડે છે. જયારે કેટલાક પેટ્રોલ ટું-વ્હીલરની એવરેજ કરતા સીએનજી ગાડી સસ્તી પડતી હોવાથી હાલના સમયે તો નાગરીકો શહેરમાં ગાડી ફેરવીને આનંદ લઈ રહ્યા છે.

# ‘તમે મારા શરીર પર નહી, મારા વિચાર પર ધ્યાન આપજો’

## ગાંધીનગર જિલ્લાના વાંકાનેરડા ગામે પાંચ વર્ષ રહી ગામ સાથે બાળકોથી માંડીને તમામ ગ્રામજનોનું જીવન પરિવર્તન કરતા ‘ગાંધી મિત્ર’ સુરેશભાઈ પૂનડિયા ઉર્ફે સુરેશભાઈ ગ્રામયાત્રી : સ્વચ્છતા સાથે યુવાનોને વ્યસન મુકત કર્યા અને અંધશ્રધ્ધા નિર્મૂલન કરવા સાથે સજીવખેતીને પ્રોત્સાહન આપ્યું




ગાંધીનગર, તા.૩૦

આગામી તા. ૨જી ઓકટોબરે ગાંધી જયંતિના દિવસથી સમગ્ર દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૫૦માં જન્મજયંતિ વર્ષની ઉજવણી કરવા તત્પર બન્યો છે. પૂં. ગાંધીજીનું જીવન એક વિચારધારા બની ચુકયું છે અને આ વિચારધારાને અનુસરતા અસંખ્ય ગાંધી મિત્રો પૂ. બાપુના વિચારકુસુમની સુવાસ પ્રસરાવતી અગરબત્તી જેવું જીવન જીવી રહ્યા છે. આવા કેટલાક ગાંધી મિત્રોનું સન્માન તા. ૧લી ઓકટોબરે ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ વિશાલા ફાઉન્ડેશનના સાનિધ્યમાં વિચાર ટ્રસ્ટ કરવા જઈ રહ્યું છે. ‘ગાંધી મિત્ર’નું સન્માન મેળવવા જઈ રહેલા આ ગાંધી મિત્રોમાં એક નામ છે સુરેશ ગ્રામયાત્રી ઉર્ફે સુરેશભાઈ પૂનડિયા, જેમણે ગાંધીનગર જિલ્લાના વાંકાનેરડા ગામમાં સતત પાંચ વર્ષ રહી માત્ર ગામ જ નહી પરંતુ ગ્રામજનોનો એવો કાયાકલ્પ કર્યો છે કે જેને નિહાળવા દુનિયાભરમાંથી મુલાકાતીઓ આવી રહ્યા છે.

ઉત્તર ગુજરાતના પાટણના રામજીભાઈ નામના ખેડૂત તથા આંગણવાડીના શિક્ષિકા પૂનમબેનના બે દિકરા અને ત્રણ દિકરી સહિત પાંચ સંતાનોમાં મોટી બહેન પછી બીજા નંબરના દિકરા એવા સુરેશભાઈએ સમાજસેવા વિષયમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ પાટણમાં કર્યા પછી સામાજિક સેવા કાર્યના વિષયમાં એમ.ફિલનો અભ્યાસ કરવા અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા.

વિદ્યાપીઠમાં તેમણે ગ્રામશિલ્પી નામનો અનોખો અભ્યાસક્રમ ચાલે છે તે કર્યો અને અભ્યાસ દરમિયાન તેઓ પદ્મશ્રી ઈશ્વરભાઈ પટેલ સાથે સફાઈ વિદ્યાલયમાં કાર્યરત બન્યા હતા જેમાં ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર થકી તેઓને રાજયભરના ૮૦૦થી વધુ ગામોમાં ફરી ગ્રામ્ય સંસ્કૃતિને ખૂબ જ નજીકથી સમજવાનો અવસર મળ્યો હતો. આ અંતર્ગત તેઓ વર્ષ ૨૦૧૧-૧૨માં દહેગામ પાસેના વીરા તલાવડી ગામે આવ્યા હતા ત્યારે તે ગામમાં ગંદકી, અંધશ્રધ્ધા, કુરીવાજો તથા વ્યસન જેવી બદીઓ ખદબદતી જોઈ મનોમન પોતાનો અભ્યાસ પતાવ્યા પછી આ ગામમાં આવી પોતાની સુધારાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો નિશ્ચય કર્યો હતો જો કે સંજોગોવસાત વર્ષ ૨૦૧૩માં






જયારે સુરેશભાઈ આ ગામે આવ્યા ત્યારે ગ્રામજનોનો સહયોગ અપેક્ષા મુજબ ના મળતા નિરાશ થયા વિના તેન ીનજીક ૩ કિમીના ઘેરામાં જ આવેલ વાંકાનેરડા પહોંચી ગયા હતા જેથી વીરા તલાવડીની નજીક રહી શકે. વાંકાનેરડા ગામમાં પ્રાથમિક શાળાના આચાર્ય એ એક ઓરડાની વ્યવસ્થા કરી આપી અને ત્યાંથી શરૂ થયો સુરેશભાઈનો અનોખો સેવાયજ્ઞ જેના થકી સમગ્ર ગામનું જનજીવન પરિવર્તન પામવાનું હતું.

પોતાની પ્રવૃત્તિની શરૂઆત સુરશભાઈએ બાળકોને મૂલ્યનિષ્ઠ પ્રવૃત્તિલક્ષી શિક્ષણથી શરુ કરી અને તેની અસર એવી પડી કે માત્ર ૨૦ જ દિવસમાં તેમના ૧૮ બાળકોએ મળીને ગામની સૌથી અવાવરુ દુર્ગંધયુકત ઉકરડા વાળી જગ્યા ભાગોળને સ્વચ્છ કરી અને પછી તેમની સાથે જોડાયેલા યુવા સ્વયંસેવકોની મદદથી એક ઓરડો બાંધ્યો અને તેનું નામ આપ્યું ‘સેવા મંદિર-મસ્તીની પાઠશાળા-સંસ્કાર કેન્દ્ર.’ આ મસ્તીની પાઠશાળામાં સુરેશભાઈએ બાળકોને ભણાવેલા પાઠ એવા હતા કે બાળકો ગામમાં કયાંય પણ કચરો જુએ કે તરત સફાઈ કરવા લાગી જતા. એક સમય એવો હતો કે ગામના જે માર્ગો પરથી ફરજિયાત નાક દબાવીને જ પસાર થવું પડતું હતું તે હવે ચોખ્ખાચણાક થવા લાગ્યા અને સુરેશભાઈ સાથે હવે યુવાનો અને ગ્રામજનો પણ જોડાવા લાગ્યા એટલે સુરશભાઈએ યુવાનોને વ્યનસથી મુકત થવા પ્રેરિત કરવાનું ચાલુ કરી દીધું. થોડા સમયમાં જ ગામમાં વ્યસન મુકિત યજ્ઞ યોજાયો અને તેમાં ગામના યુવાનોએ પાટલે બેસી વ્યસન માટેની ચીજવસ્તુની આહુતી આપી વ્યસનને તિલાંજલિ આપી. ભીડી અને ૭૦થી વધુ દારૂના બંધાણીઓને વ્યસનના વિષચક્રમાંથી બહાર કાઢયા.

માંડ અઢી હજારની વસ્તી ધરાવતા ગામમાં તેમણે ઉંચનીચના ભેદભાવની સામે ‘હમ સબ એક હૈ’નો મંત્ર આપી પોતાના નામની પાછળ રહેલી અટક પણ બદલીને ‘ગ્રામયાત્રી’ કરી નાંખી. તેમણે બાલમંડળની સાથે યુવક મંડળ અને મહિલા મંડળ પણ બનાવ્યા અને સદભાવના ફેલાવવા ગામમાં ઝઘડો કે કંકાસ થાય ત્યારે ગાંધીજીએ ચીંધેલું ઉપવાસનું શસ્ત્ર ઉપયોગમાં લેવાનું શરૂ કર્યુ. ગામમાં નકામાં પાંદડા અને ગોબરના કચરામાંથી બાળકો ખાતર અને દંતમંજન વગેરે બનાવી પોતાના અભ્યાસનો ખર્ચ જાતે ઉઠાવવા લાગ્યા જે તેમની રાત્રે ચાલતી ઘરશાળાની સિધ્ધિ હતી. ગામમાં પ્રેમના પ્રયોગથી તેમણે દારૂની બદી સામે બાથ એટલું જ નહી પરંતુ ગામમાં સજીવ ખેતીને પ્રોત્સાહન આપી શાકભાજીની ખેતી શરૂ કરાવી જેને પરિવાર પોષણ મંદિર નામ આપી તેમાં સાથે ગાય સહિત દુધાળા પશુપાલન આધારિત આવકનો મહિમા પ્રસરાવ્યો. વાંકાનેરડા સહિત આસપાસના ૬ ગામમાં તેમની પ્રવૃત્તિઓ ચાલતી હતી અને અહીં ફેલાયેલી અંધશ્રધ્ધા દૂર કરવા તેમણે સ્મશાનને સ્વચ્છ કરી વૃક્ષો વાવી નંદનવન જેવુ બનાવ્યું અને નિયમિત સ્મશાન ખીચડી કાર્યક્રમ યોજી ગ્રામજનો સાથે સ્મશાનમાં જ જમણવાર યોજયા. વહેલી પરોઢથી પ્રભાતફેરી સાથે સાવરણો લઈને નીકળી પડતા સુરેશભાઈનો આ પાંચ વર્ષ દરમિયાન નિર્વાદ ગ્રામજનોએ એવો ઉઠાવ્યો કે ગામનું ૨૬૦માંથી એક પણ ઘર બાકી નહી હોય કે જયાં તેઓ જમ્યા ના હોય કેમ કે સાયકલ લઈને ફરતા સુરેશભાઈનો મહિને એકવાર મોબાઈલ રિચાર્જ સિવાય કોઈ ખર્ચ જ નહોતો તેમજ તેમની કોઈ આવક પણ નહોતી.

વિનોબા ભાવે જેમના શાબ્દિક અને કર્મથી ઈશ્વરભાઈ પટેલ જેવા પ્રેરણામૂર્તિ હોય અને પૂ. બાપુનું રાષ્ટ્ર માટેના સમર્પણને નારાયણ દેસાઈ પાસેથી સમજયા હોય તેવા સુરેશભાઈ જ શિખવાડી શકે કે જીવન કેવું જીવવુ જોઈએ. સુરેશભાઈ ચાર બાબતો પર ભાર મૂકે છે તે છે સફાઈ જાગૃતિ, બાળકોને મૂલ્યનિષ્ઠ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, યુવા પેઢીને વ્યસન મુકિત અને પર્યાવરણની જાળવણી માટે સજીવ ખેતીને પ્રોત્સાહન આપવું. પાંચ વર્ષ સતત વાંકાનેરડામાં કાર્યરત રહ્યા પછી તેમણે અચાનક આ ગામને છોડવાનો નિર્ણય લીધો કેમ કે તેમનું માનવું છે કે ગ્રામજનોને મારી આદત પડવી ના જોઈએ. તેમની વિદાયવેળાએ ગ્રામજનોની આંખમાં આંસુ જોઈ તેમણે પૂ. બાપુની જેમ કહ્યું કે ‘તમે મારા શરીર પર નહી, મારા વિચાર પર ધ્યાન આપજો’. આજે સુરેશભાઈ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ઝરડા ગામે પોતાનો ગ્રામસેવા યજ્ઞ ચલાવી રહ્યા છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● સ્મિત મ્યુઝીકલ દ્વારા સુમન સીંગર્સ નાઈટ તથા ફિલ્મી સોંગ્સ ટ્રેક શો સાંજે ૯ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● ગુજરાત રાજય બોર્ડ નિગમ અને સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા સુત્રોચ્ચાર કાર્યક્રમ બપોરે ૨થી ૨.૩૦ કલાક દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમ બ્લોક નં. ૧૨ નવા સચિવાલય ખાતે યોજાશે.

# સે-૫ વસાહત મંડળની બેઠક મળી

આજે સે-૫ વસાહત મંડળના હોદ્દેદારોની બેઠક મળી હતી.

પ્રમુખ કેશરીસિંહ બિહોલાના જણાવ્યા પ્રમાણે સે-૫ના પડતર પ્રશ્નો અંગે અવાર નવાર રજુઆત કરેલ છતાં સરકારનો કોઈ પ્રતિભાવ મળ્યો નથી. આથી ૨જી ઓકટોબરના રોજ સે-૫ના જાહેર બગીચા ખાતે સવારે ૯ થી ૧૨ કલાકે એ, બી, સી વિભાગના વસાહતીઓ દ્વારા રેલીનું આયોજન કરાયું છે. એક અઠવાડિયામાં કોઈ ધ્યાન આપવામા નહીં આવે તો સે-૫ના વસાહતીઓ ઉપવાસ કરશે. ઉચ્ચ કક્ષાએ નાયબ મુખ્યમંત્રીને આવેદનપત્ર પણ આપવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન રામભાઈ પટેલ, ઉ.વ. ૬૦
- સ્વ. ભરતજી લાખાજી ઠાકોર, ઉ.વ. ૪૧